
1



2



3



4



- મોટા ભાગનાં ડોક્ટરો પહેલાં ધીરે ધીરે દવાઓની માત્રા ઓછી કરશે અને તે પછી જ્યારે દર્દીને ૨ થી ૪ વર્ષ સુધી આંચકી ન આવે તો તેઓ દવાઓ બંધ કરવાની સલાહ આપે છે.

## વાઇમાં શું કરવું અને શું ન કરવું?

વાઇ ના કારણે તમે બહાર જતાં અટકી જાઓ કે સંપૂર્ણ અને સક્રિય જીવન ન જીવી શકો તેવું નથી. સ્વાભાવિક છે કે, વાઇના બધા જોખમો દૂર કરી શકાતા નથી. છતાં પણ, સામાન્ય બુધ્ધી વાપરો અને સાવચેત રહો.

- **આટલું કરો.**
  * તમારી દવાઓ નિયંત્રિતપણે અને રોજ એક જ સમયે લો.
  * અન્ય કોઇ દવાઓ સાથે લેતા પહેલા તમારા ડોક્ટરની સલાહ લો.
  * પ્રેગ્નેન્સી (સગર્ભાવસ્થા વાળા) વાઇના દર્દીઓ એ દવાઓ લેતા પહેલા ડોક્ટરની સલાહ લેવી ખૂબ આવશ્યક છે જેથી ગર્ભમાં રહેલા બાળકને થઇ શકે તેવી જટિલતાઓને તથા જોખમોને ટાળી શકાય છે.
  * સરખી ઉંઘ કરો.

- **આટલું ન કરો.**
  * ડોક્ટરના કહ્યા વગર દવાઓ બંધ ન કરો.
  * ઓછી ઉંઘ/ભૂખ્યા રહેવું/ આલ્કોહોલ (દારૂ) પીવાનું ટાળો.
  * જ્યાં સુધી આંચકી બંધ ન થાય ત્યાં સુધી વાહન ચલાવવાનું/ સ્વિમિંગ/ ઊંચાઈ પર જવાનું/આગ વગેરે થી દૂર રહો.

**કોઈ પણ મેડિકલ ઇમર્જન્સીમાં**
**અમારી સમર્પિત હેલ્પ લાઇન પર ફોન કરો.**

**૭૮૭૮૭૯૭૮૧૯/૨૦**

ahmedabad institute of medical services
*aiming beyond care*
A Unit of A. Maniar Healthcare Pvt. Ltd.

**એઇમ્સ હોસ્પિટલ, પી.એન.હાઉસ, જેઠાભાઇ પાર્કની સામે,**
**નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭. ગુજરાત.**
**કોન્ટેકટ : ૭૮૭૮૭૯૭૮૧૯**
**વેબઃ www.aimscare.com ઈ–મેઈલઃ contact@aimscare.com**

# વાઇ

## Epilepsy



ahmedabad institute of medical services
*aiming beyond care*

## વાઇ શું છે?

- આંચકી (સીઝર) એ એક મગજની ઇલેક્ટ્રિકલ (વિદ્યુતીય) ગતિવિધિઓમાં થતા અસામાન્ય ફેરફારનો નાનો પ્રસંગ છે, જેનાથી વ્યક્તિના વર્તણૂક તેમજ હલન ચલન પર અસર પડે છે અને તેમાં બદલાવના લક્ષણો જોવા મળે છે.
- વાઇ એ મગજનો એક પ્રકારનો રોગ છે, જેમાં વ્યક્તિને વારંવાર આંચકીઓ આવે છે.
- કોઈપણ વ્યક્તિને ફક્ત એક જ વાર આંચકી આવી હોય તો તેને એપીલેપ્સી ન કહેવાય.
- જ્યારે કોઇ વ્યક્તિને બે કે તેથી વધારે વાર આંચકી ના હુમલા આવ્યા હોય અને બે આંચકીઓ વચ્ચે ઓછામાં ઓછું 24 કલાકનું અંતર હોય, તો તે વ્યક્તિને એપીલેપ્સીની તકલીફ છે તેવું કહી શકાય.
- એપીલેપ્સી કોઇ ચેપી કે માનસિક રોગ નથી.

## વાઇ ના સામાન્ય લક્ષણો

- શરીરના કોઇ એક ભાગમાં કે આખા શરીરમાં આચકી આવવી.
- અચાનક આખું શરીર સજ્જડ થઇ જવું.
- બેભાન થઇ જવું.
- અમુક સમય માટે ગુમસુમ થઇ એક નજરે જોઇ રાખવું, આંખ પટપટાવવી પણ કોઇ પણ બીજી પ્રતિક્રિયા વગર, ભાન ગુમાવવું.
- મૂત્રાશય અને આંતરડા પર નિયંત્રણ ન રહેવું જેના કારણે પેશાબ કે સ્ટૂલ વ્યક્તિની ઇચ્છા વગર થઇ જવું.
- જીભ કચરાઈ જવી.



## વાઇ ના ઉત્તેજક પરિબળો

- પૂરતી ઊંઘ ન થાય.
- સ્વસ્થ અને સરખો ખોરાક ન લેવાથી, બ્લડશુગર સ્તર ઓછું આવવાથી.
- તાવ અથવા અન્ય બિમારીઓના સમયે.
- અમુક દવાઓ લેવાથી.

## વાઇ ના પ્રકાર

**વાઇના નીચે જણાવેલ પ્રકારોમાં, તેનો હુમલો કઇ રીતે અને ક્યારે શરૂ થાય છે, તેના આધારે ફર્ક પડે છે.**

- **પ્રાઇમરી જનરલાઈઝ્ડ (સામાન્યકૃત) સીઝર:-** જેની શરૂઆત મગજના બંને ભાગમાં એક સાથે, વ્યાપક સ્તરે થતી ઇલેક્ટ્રિકલ (વિદ્યુતીય) ગતિવિધિઓમાં અસમાન્ય ફેરફારના કારણે થાય છે.
- **આંશિક સીઝર:-** ઘણી અલગ અલગ વસ્તુથી આંશિક સીઝર થઇ શકે છે, જેમ કે માથામાં ઇજા થવાથી, મગજમાં ચેપ લાગવાથી, સ્ટ્રોક આવવાથી, ગાંઠ થવાથી, કોર્ટિકલ ડિસ્પ્લાઝીયા એટલે કે જન્મ પહેલા મગજના કોઇ એક ભાગના વિકાસમાં ફેરફાર થવો.

**ઘણા વખત સીઝરનું કોઇ કારણ નથી મળતું, પણ જીનેટીક પરિબળો આંશિક સીઝરમાં અગત્યનો ભાગ ભજવી શકે છે.**

## વાઇ નું નિદાન

વાઇના નિદાન માટે દર્દી અને તેના પરિવારનો વિગતવાર મેડિકલ ઇતિહાસ અને અમુક પ્રકારના ટેસ્ટ અને તપાસ જરૂરી છે એ જાણવા માટે કે,

1. વ્યક્તિને આંચકી (સીઝર) આવી હતી કે કંઇક બીજું થયું હતું.
2. સીઝર અથવા વાઇ નો કયો પ્રકાર વ્યક્તિના લક્ષણો અને સ્થિતિને ચોક્કસ પણે સમજાવી શકે છે.
3. સારવાર શરૂ કરવી કે નહિ તે નક્કી કરવા.

## આ માટેના ટેસ્ટ (તપાસો)માં સામેલ છે.

- ઇઇજી (ઇલેક્ટ્રોએન્સેફેલોગ્રામ – મગજના તરંગોનું પરીક્ષણ કરનાર ટેસ્ટ), મગજની વિદ્યુતીય ગતિવિધિઓમાં થતા એ ફેરફારને નોંધવા માટે, જે આંચકી સાથે સબંધિત છે.
- અમુક પ્રકારની મેડિકલ (તબીબી) સમસ્યાઓના લક્ષણો જોવા અને તેમનું નિદાન કરવા માટે બ્લડ ટેસ્ટ.
- સીટી (કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી) સ્કેન અથવા એમ.આર.આઇ સ્કેન (મેગ્નેટિક રેસોનન્સ ઇમેજિંગ.)
- અન્ય ટેસ્ટ/પરીક્ષણો પણ સૂચવવામાં આવે છે જેવા કે, લંબર પંચર (જેને સી.એસ.એફ પણ કહેવામાં આવે છે કારણકે આ ટેસ્ટમાં કરોડરજ્જુના કમરના ભાગમાંથી જે ખાસ પ્રકારના દ્રવ્યમાં આપણું મગજ અને કરોડરજ્જુ તરતી હોય છે, તેને તપાસ માટે ઇંજેકશન વડે ખેંચવામાં આવે છે.), ઇસીજી (ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ જેમાં હ્રદય ની વિદ્યુતીય ગતિવિધિઓની તપાસ કરવામાં આવે છે), અથવા સ્લીપ ટેસ્ટ (જેમાં વ્યક્તિને ઊંઘતી વખ્તે શ્વાસ લેવામાં કેવી અને કેટલી તકલીફ પડે છે તે તપાસ કરવામાં આવે છે.)

- ટેસ્ટ ના પરિણામ નોર્મલ (સામાન્ય) આવે તેનો અર્થ એ નથી કે વ્યક્તિને આવેલા સીઝર વાસ્તવિક નથી અથવા તેને વાઇની તકલીફ નથી.
- જો એક વાર આવેલ આંચકી કોઇ તે સમયે થયેલ ક્ષણિક તકલીફો સાથે સંકળાયેલ હોય જેમ કે, લો બ્લડ શુગર કે ઇલેક્ટ્રોલાઇટના સ્તરમાં વિક્ષેપ, તો આવી સ્થિતિમાં સારવારની જરૂર ટૂંકા સમય માટે જ હોય છે.

## વાઇ ની સારવાર

- **માણસે જાણ કરવી**
  લોકોને જણાવવું સંવેદી હોય શકે કે તમને વાઇની તકલીફ છે, ખાસ કરી ને પરિવારના તમામ સભ્યોને, મિત્રોને, સહ કાર્યકરોને.

- **આંચકી આવે ત્યારે**
  - ગભરાય ન જાવ, વ્યક્તિને જમીન પર સુવડાવીને કોઇ પણ એક બાજુ એ ફેરવી દો.
  - તે વ્યક્તિને કોઇ ઇજા ન થાય તેનું ધ્યાન રાખો, પણ બળજબરીથી આંચકીને રોકવાની કે તેમનું મોઢું ખોલવાની કોશિશ ન કરો.

- **એમ્બ્યુલન્સ કે ૧૦૮ ને તાત્કાલિક બોલાવો જો,**
  - આંચકી ૫ મિનિટ થી વધારે ચાલે.
  - દર્દીને આંચકી પછી શ્વાસ લેવામાં કે ભાનમાં આવવામાં તકલીફ પડે.
  - પહેલી આંચકી પછી તરત જ બીજી આંચકી આવે.
  - વ્યક્તિ ને આંચકી સમયે કોઇ ઇજા થાય કે તે ડૂબી જાય.

- **એન્ટિ એપીલેપ્ટિક દવાઓ**
  - આંચકી નિયંત્રણ કરવા માટે દવાઓ સૌથી પ્રારંભિક રસ્તો છે અને મોટા ભાગે તે હમેંશા પ્રથમ સારવાર હોય છે.
  - આંચકી ને નિયંત્રિત કરવા માટે અલગ-અલગ પ્રકારની દવાઓ હોય છે, જેને એન્ટિ એપીલેપ્ટિક ડ્રગ (એઇડી) કહેવાય છે.
  - દવાઓથી લગભગ ૭૦% વાઇના દર્દીઓમાં આંચકીને નિયંત્રિત કરી શકાય છે.

**તમારા ડોક્ટરને પૂછ્યા સિવાય ક્યારેય કોઇ દવાઓમાં ફેરફાર ન કરો કે કોઇ દવાઓ લેવાનું બંધ ન કરો.**

## વાઇ ની સારવાર ક્યારે બંધ કરવી?

- મોટા ભાગ ના દર્દીઓ, જેમની આંચકી નિયંત્રણમાં આવી ગયેલ હોય, તેમને દવાઓ બંધ કરવી હોય છે, પણ દવાઓ બંધ કરવાનો નિર્ણય તમારા ન્યૂરોલોજિસ્ટ સાથે વિગતવાર ચર્ચા વિચારણા કરીને, બધા જોખમી પરિબળોને સરખી રીતે રાખીને જ લેવો જોઇએ.